| | | | | |
|---|---|---|---|---|
| | ૨૦/૧૨/૨૦૨૩ | | | |
| દાખલ તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ | | | |
| ફેસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૫ | | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૧ | ૦૭ | ૨૩ | |

**મે. વલસાડ ખાતેની શ્રમ ન્યાયાલયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી સી.વી.લિંબાચીયા સાહેબ સમક્ષ, મુ. વલસાડ.**

**રેફરન્સ (એલ.સી.વી) નં.૯૦/૨૦૨૩**
**આંક :૧૪**

**પ્રથમ પક્ષકાર :–** ૧. શિવમ ટ્રેડર્સ
૨. બાલાજી ટ્રેડર્સ
૩. વિનયભાઇ કાંતિભાઇ પટેલ
૪. નીલભાઇ કાંતિભાઇ પટેલ
રહે. ઠે. પ્લોટ નં.૩૧, આંખની હોસ્પિટલની નજીક,
ડેરી રોડ, ઉમરગામ, જી.વલસાડ – ૩૯૬૧૭૦

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર :–** રાધિકા રણજીત યાદવ
મુ.દિનદયાલ ચૌહાણની રૂમ, આનંદનગર,
નિર્મળા માતા મંદિરની પાસે, ગાંધીવાડી,
ઉમરગામ, જી.વલસાડ.

.....................................................................................................

**પ્રથમ પક્ષકાર તરફે :** ગેરહાજર
**બીજા પક્ષકાર તરફે :** વિ.વ.શ્રી જે.ડી.પુરોહિત

.....................................................................................................

**–:: જજમેન્ટ/એવોર્ડ ::–**

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ઔદ્યોગિક તકરાર અધિનીયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય અર્થે મદદનીશ મજુર કમિશ્નરશ્રી,

વલસાડ તરફથી હુકમ ક્રમાંક:કે.એચ.એસ.એસ.એમ.સી./૬૧૨૧/એ.જે/આઈ.ડી. આર/એફ/એફ:૯૯/૨૦૨૩, તા.૧૩/૧૨/૨૦૨૩ થી ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરવામાં આવેલ છે. રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે.

**:: અનૂસુચિ ::**

" શ્રીમતિ રાધિકા રણજીત યાદવ"ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ?

**અરજીની હકિકતોઃ**

(૨) આ કામમાં આંક–**૨** થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે. જે પક્ષકારોને બજી ગયેલ છે ત્યારબાદ બીજા પક્ષકારે આંક–**૦૬** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર નં.૧ તથા પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થામાં છેલ્લા ૩ વર્ષથી મશીન ઓપરેટર તરીકેની કાયમી પ્રકારની કામગીરી કાયમી કામદારની હેસિયતથી કરતા હતા. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થા તરફથી માસિક રૂા.૧૫,૦૦૦ /– પગારની ચુકવણી કરવામાં આવતી હતી. પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થાઓનુ સંચાલન અને વહીવટ પ્રથમ પક્ષકાર નં.૩ અને નં.૪ તરફથી કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર નં.૩ અને નં.૪ સંસ્થાઓ એકબીજાથી નજીક આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૩ અને પ્રથમ પક્ષકાર નં.૪ તરફથી જરૂરિયાત મુજબ પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થામાં કામ કરતા કામદારો પાસે મૌખિક હુકમ આપી કામ કરાવતા આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં. ૨ સંસ્થાઓમાં પ્લાસ્ટીકના દાણા બનાવવાનું તથા રીસાયકલ અને રીપ્રોસેસ કરેલ પ્લાસ્ટીક ગ્રાન્યુલ્સ બનાવવાની લગતી ઉત્પાદન પ્રક્રિયા ચલાવવામાં આવે છે. પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થામાં આશરે ૧૦ થી વધુ કામદાર કાયમી ધોરણે નોકરી કરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી બીજા પક્ષકાર કામદાર પાસે દરરોજ આશરે ૧૦ થી ૧૨ કલાક ઉપરાંત સતત કામગીરી કરવામાં આવે છે. તેમ છતાં, પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી લાગુ પડતા મજુર કાયદાઓ હેઠળના હક્કો અને લાભો પ્રથમ પક્ષકાર કામદાર તથા અન્ય કામદારોને આપવામાં આવતા નથી. બીજા પક્ષકાર કામદાર તથા તેમના પતિ રણજીત રામપ્રતાપ યાદવ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ સવારે રાબેતા મુજબ નોકરીની ફરજ પર હાજર રહી બીજા પક્ષકારના પતિ તેઓની મશીન ઓપરેટર તરીકેની રાબેતા મુજબની કામગીરી કરી રહેલ હતા તે દરમ્યાન તેમનો સવારે આશરે ૧૧:૩૦ કલાકે મશીનમાં જમણા હાથની આંગળીઓ આવી ગયેલ હતી. જેના કારણે બીજા પક્ષકારના પતિના જમણા હાથમાં ગંભીર પ્રકારની ઈજા થયેલ હતી. તે સમયે બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર નં. ૩ અને ૪ તરફથી ચુરૂ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. જયાં બીજા પક્ષકાર કામદારને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ હતા તથા બીજા પક્ષકાર કામદારના અકસ્માતવાળા જમણા હાથનું ઓપરેશન કરવામાં આવેલ હતું. કામદારના જમણા હાથની ત્રણ આંગળીઓમાં વધુ પડતી ઈજા આવેલ હોય જમણા હાથની ત્રણ આંગળીઓનો એક વેઢો કરતાં વધુ ભાગ ઓપરેશન કરી કાપી નાખવામાં આવેલ હતો.

બીજા કામદારના પતિને નોકરી દરમ્યાન થયેલ અકસ્માતના કારણે કરવી પડેલ સારવારનો આશરે રૂા.૧,૦૦,૦૦૦/– થી વધુ ખર્ચ થયેલ હતો. જે નાણાં બીજા પક્ષકાર તથા તેમના પતિ તરફથી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ પાસે વારંવાર મૌખિક રીતે માંગવા છતાં તે નાણાં આજદિન સુધી બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી ચુકવવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારના પતિએ પ્રથમ પક્ષકાર સંસ્થાઓ વિરૂધ્ધ અકસ્માત વળતરના નાણાં મેળવવા સંબંધે નોન ફેટલ અરજી નં.૨/૨૦૨૩ દાખલ કરેલ છે. જે હાલમાં વલસાડની નામદાર મજુર અદાલત સમક્ષ ન્યાય નિર્ણય અર્થે પેન્ડીંગ છે. બીજા પક્ષકાર તથા તેમના પતિ રણજીત રામપ્રતાપ યાદવ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ સામાવાળા સંસ્થામાં ગયેલ હતા. તે રોજ સામાવાળા નં. ૩ અને ૪ પાસે અકસ્માત વળતર તથા સારવારના ખર્ચના નાણાંની માંગણી કરેલ હતી. પરંતુ સામાવાળા નં.૩ અને ૪ તરફથી ખર્ચના નાણાં ચુકવવાનો ઈન્કાર કરી દીધેલ હતો અને મૌખિક રીતે જણાવેલ કે, તેમના પતિથી આવા અકસ્માતવાળા હાથથી પહેલા જેવુ કામ થઈ શકે તેમ નથી, જેથી તેમણે તથા તેમના પતિ બંનેએ નોકરીમાં આવવું નહિ. જે સમયે સામાવાળાઓ તરફથી બીજા પક્ષકાર કામદારને ઓગષ્ટ–૨૦૨૩ સુધીના સમયગાળાનો પગાર ચુકવેલ ન હતો. એટલું જ નહિ બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કરતા પહેલાં કોઈ નોટિસ કે નોટિસ પગાર કે છટણી વળતરના નાણાં ચુકવેલ ન હતા કે બીજા પક્ષકાર કામદારની નોકરી અંગેના હક્કોના નાણાં પણ ચુકવેલ ન હતા. બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થાની સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન શરૂઆતથી છેવટ સુધી દર વર્ષે ૨૪૦ દિવસ કરતાં વધુ સળંગ નોકરીની ફરજ બજાવેલ હતી. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજના મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ તથા પ્રથમ પક્ષકાર સંસ્થાને લાગુ પડતા વહીવટી નિયમો વિરૂધ્ધનું હોવાનું ઠરાવી નોકરીમાં પુનઃસ્થાપિત કરે ત્યાં સુધીનો પડેલા તમામ દિવસોનો પુરેપુરો પગાર તથા અન્ય તમામ આનુશાંગિક લાભો અને હક્કો સહિત ચૂકવી આપવાનો પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવા અરજ કરેલ છે.

**<u>પ્રથમ પક્ષકારો તરફે જવાબઃ</u>**

(૩) આ કામે બીજા પક્ષકારના રેફરન્સ સામે પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફે કોઇ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી.

**<u>પક્ષકારો તરફે પુરાવાઃ</u>**

(૪)આ કામના બીજા પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–</u>**

| | |
|---|---|
| ૧. | આંક– ૦૯ થી શ્રીમતિ રાધીકા રણજીત યાદવનું પુરાવા સોગંદનામું. |

**–: બીજા પક્ષકારનો આંક–૦૮ થી દસ્તાવેજી પુરાવો :–**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| ૮/૧ | બીજા પક્ષકાર તથા તેના સહ કામદાર તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ થી ૪ સંસ્થાને રજી.એ.ડી. પોષ્ટ મારફતે મોકલાવેલ માંગણાના નિવેદનની નકલ સંબંધેનો ફોરવોડીંગ લેટરની સ્થળપ્રત. | ૨/૧૨/૨૦૨૪ |
| ૮/૨ | –એજન– અ.નં. ૧ પ્રથમ પક્ષકાર નં.૧ થી ૪ ની રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. | ૨/૧૨/૨૦૨૪ |
| ૮/૩ | –એજન– અ.નં. ૧ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાને મળ્યા બાબતની પોષ્ટખાતાની એકનોલેજમેન્ટ. | – |
| ૮/૪ | –એજન– અ.નં. ૧ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને મળ્યા બાબતની પોષ્ટખાતાની એકનોલેજમેન્ટ. | – |
| ૮/૫ | –એજન– અ.નં. ૧ પ્રથમ પક્ષકાર નં.૩ સંસ્થાને મળ્યા બાબતની પોષ્ટખાતાની એકનોલેજમેન્ટ. | – |
| ૮/૬ | –એજન– અ.નં. ૧ પ્રથમ પક્ષકાર નં.૪ સંસ્થાને મળ્યા બાબતની પોષ્ટખાતાની એકનોલેજમેન્ટ. | – |

(૫) આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**<u>કેસ કાર્યવાહીઃ</u>**

(૬) આ કામે અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૨ થી સુનાવણી તથા જવાબની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ બજી ગયેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૦૫ થી વિ.વ.શ્રી જે.ડી.પુરોહિતનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૦૭ ની અરજીથી પ્રથમ પક્ષકારોનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૦ ની અરજીથી પ્રથમ પક્ષકારોનો બીજા પક્ષકારની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૨ ની અરજીથી પ્રથમ પક્ષકારોના પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ બીજા પક્ષકાર તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૩ ની અરજીથી પ્રથમ પક્ષકારો તરફે દલીલ કરવાનો હકક બંધ કરી સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**<u>મુદ્દાઓઃ</u>**

(૭) સમગ્ર કેસનું રેકર્ડ તથા પક્ષકાર તરફેની રજુઆતો/દલીલ ધ્યાને લીધા. આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| અ.નં. | મુદ્દાઓ | તારણો |
|---|---|---|
| ૧. | શું અરજદાર કામદાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે ? | **અંશતઃ** હકારમાં |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

(૮) **:: કા ર ણો ::**

ઉપરોક્ત જવાબો અંગે મારા કારણો નીચે મુજબ છે.

(૦૯) આ કામનું રેકોર્ડ જોતાં બીજા પક્ષકારે તેમના પુરાવા સોગંદનામામાં તથા માંગણા નીવેદનમાં રજુઆત કરેલ છે કે બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર નં.૧ તથા પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થામાં છેલ્લા ૩ વર્ષથી મશીન ઓપરેટર તરીકે કાયમી કામદારની હેસિયતથી કરતા હતા. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થા તરફથી માસિક રૂા.૧૫,૦૦૦ /– પગારની ચુકવણી કરવામાં આવતી હતી. પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થાઓનુ સંચાલન અને વહીવટ પ્રથમ પક્ષકાર નં.૩ અને નં.૪ તરફથી કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર નં.૩ અને નં.૪ તરફથી જરૂરિયાત મુજબ પ્રથમ પક્ષકાર નં.૧ તથા નં.૨ સંસ્થામાં કામ કરતા કામદારો પાસે મૌખિક હુકમ આપી ૧૦ થી ૧૨ કલાક ઉપરાંત કામ કરાવતા આવેલ છે. તેમ છતાં, પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી લાગુ પડતા મજુર કાયદાઓ હેઠળના હક્કો અને લાભો કામદાર તથા અન્ય કામદારોને આપવામાં આવતા નથી. બીજા પક્ષકાર તથા તેમના પતિ રણજીત રામપ્રતાપ યાદવ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ સવારે રાબેતા મુજબ નોકરીની ફરજ પર હાજર રહી રાબેતા મુજબની કામગીરી કરી રહેલ હતા તે દરમ્યાન તેમના પતિનો સવારે આશરે ૧૧:૩૦ કલાકે મશીનમાં જમણા હાથની આંગળીઓ આવી ગયેલ હતી. જેના કારણે બીજા પક્ષકારના પતિને હાથમાં ગંભીર પ્રકારની ઈજા થતા પ્રથમ પક્ષકાર નં.૩ અને ૪ તરફથી ચુરૂ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. બીજા પક્ષકાર કામદારનુ ઓપરેશન કરી અકસ્માતવાળા જમણા હાથની ત્રણ આંગળીઓમાં વધુ પડતી ઈજા આવેલ હોય જમણા હાથની ત્રણ આંગળીઓનો એક વેઢો કરતાં વધુ ભાગ કાપી નાખવામાં આવેલ હતો. જેનો સારવારનો આશરે રૂા.૧,૦૦,૦૦૦ /– થી વધુ ખર્ચ થયેલ હતો. બીજા પક્ષકાર તથા તેમના પતિ તરફથી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ પાસે વારંવાર મૌખિક રીતે માંગવા છતાં તે નાણાં આજદિન સુધી ચુકવવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારના પતિએ પ્રથમ પક્ષકાર સંસ્થાઓ વિરૂધ્ધ અકસ્માત વળતરના નાણાં મેળવવા સંબંધે નોન ફેટલ અરજી નં.૨/૨૦૨૩ દાખલ કરેલ છે. જે હાલમાં વલસાડની નામદાર મજુર અદાલત સમક્ષ ન્યાય નિર્ણય અર્થે પેન્ડીંગ છે. બીજા પક્ષકાર તથા તેમના પતિ રણજીત રામપ્રતાપ યાદવ તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ સામાવાળા સંસ્થામાં ગયેલ હતા અને સામાવાળા નં.૩ અને ૪ પાસે અકસ્માત વળતર તથા સારવારના ખર્ચના નાણાંની માંગણી કરેલ હતી. પરંતુ

સામાવાળા નં.૩ અને ૪ તરફથી ખર્ચના નાણાં ચુકવવાનો ઈન્કાર કરી દીધેલ હતો અને મૌખિક રીતે જણાવેલ કે, તેમના પતિથી આવા અકસ્માતવાળા હાથથી પહેલા જેવુ કામ થઈ શકે તેમ નથી, જેથી તેમણે તથા તેમના પતિ બંનેએ નોકરીમાં આવવું નહિ. જે સમયે સામાવાળાઓ તરફથી બીજા પક્ષકાર કામદારને ઓગષ્ટ-૨૦૨૩ સુધીના સમયગાળાનો પગાર ચુકવેલ ન હતો. બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કરતા પહેલાં કોઈ નોટિસ કે નોટિસ પગાર કે છટણી વળતરના નાણાં ચુકવેલ ન હતા કે બીજા પક્ષકાર કામદારની નોકરી અંગેના હક્કોના નાણાં પણ ચુકવેલ ન હોવાનુ જણાવેલ છે.

(૧૦) આ કામે સમગ્ર રજુ રેકોર્ડનું મુલ્યાંકન કરતા, બીજા પક્ષકાર તરફે તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોય તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી પરંતુ સોગંદ પર હકિકત જાહેર કરેલ છે. જે બાબતે પ્રથમ પક્ષકારને મદદનીશ મજર કમીશનર દ્વારા પણ નોટીસ કરવામાં આવેલ છે અને હાલના કામે પણ નોટીસ કરવામાં આવેલ છે જે તેઓએ આંક-૦૩ ના એકનોલોજમેન્ટ થી સ્વીકાર કરેલ છે. પરંતુ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર હોય તે બાબતે પ્રથમ પક્ષકાર તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોય તે હકિકત બીન તકરારી છે. વધુમાં બીજા પક્ષકારે સળંગ નોકરી કરેલ ન હોય તેવી પણ પ્રથમ પક્ષકારની કોઇ તકરાર નથી.

(૧૧)હવે, બીજા પક્ષકારે તેમના માંગણા નીવેદનની રજુઆતોના સમર્થનમાં આંક-૦૯ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેમાં માંગણા નીવેદનની હકિકતોને સમર્થન કરેલ છે. બીજા પક્ષકારની સદર સોગંદ ઉપરની જુબાનીને પ્રથમ પક્ષકાર તરફથી કોઈ રીતે પડકારવામાં ન આવતા પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલો હોય ત્યારે બીજા પક્ષકારની હકીકતોને ન માનવાને કોઈ કારણ નથી. હવે આઈ.ડી.એકટની કલમ ૨(જે) અન્વયેની જોગવાઈ તથા હાલના કેસનુ રેકર્ડ વંચાણે લેતા બીજા પક્ષકારને તા.૦૪/૦૯/૨૦૨૩ના રોજ પ્રથમ પક્ષકારે છુટા કરેલા છે અને છુટા કરતા અગાઉ કોઈ નોટીસ કે નોટીસ પગાર આપેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી, તે સંજોગોમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી.

(૧૨) હાલના કેસનું રેકર્ડ વંચાણે લેતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આઈ.ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલા હોય, તેમજ નોટીસ પગાર કે બેકારી વળતર આપેલ નથી. આમ, ઉપરોકત રીતે કરવામાં આવેલ ચર્ચા મુજબ આઈ.ડી.એકટની જોગવાઈ પ્રમાણે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનુ પુરવાર થયેલુ હોય ત્યારે સદર કામદારને છુટા કરતી વખતે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આઈ.ડી.એકટની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરેલ છે. આમ, ઉપરોકત રીતે કરવામાં આવેલ ચર્ચા તથા આઈ.ડી.એકટની જોગવાઈઓ ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા હોવાનું પુરવાર થતું હોય, હવે બીજા પક્ષકાર સળંગ નોકરીથી પુન:સ્થાપનનો લાભ, બેકવેજીસ કે અન્ય આનુંષાંગિક લાભ મેળવવા હકકદાર છે કે કેમ? તેની ચર્ચા કરવાની રહે છે.

(૧૩)હવે પડેલા દિવસોના પગાર એટલે કે બેકવેજીસની ચર્ચા કરવામાં આવે તો નીચે મુજબના ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી બને છે:
(1) 2010 LLR 940 (Gujarat H.C.)
Rohit singh Vakhatsing Darbar,c/o Gujarat Audhyogik Kamdar v/s Arivind Rubber Well Control Ltd.

“ Reinstatement with full backwages in case of illegal termination is not a settled law, Workman has to prove unemployment during the period .”

(૧૪) હવે હાલના કેસમાં બીજા પક્ષકારે તેમના માંગણા નીવેદન તથા પુરાવામાં પોતે બેકાર હોવાનુ અને પ્રયત્ન કરવા છતાં કામ ધંધો કે નોકરી મળેલ નહી હોવાનુ જણાવેલ છે, પરંતુ પ્રથમ પક્ષકાર તરફથી સદર હકીકતને કોઈ રીતે પડકારેલ નથી, વધુમાં આ દરમ્યાન બીજા પક્ષકાર કોઇ કામકાજ કરતા ન હોય કે બેકાર રહેલા હોય તે બાબતે તેઓએ કોઈ હકિકત પુરવાર કરેલ નથી. જેથી બીજા પક્ષકાર સદર સમયગાળા દરમીયાન બીજે કયાંયથી આંશીક આવક મેળવતા હોય તેવુ અનુમાન થઈ શકે. હવે સર્વસામાન્ય સીધ્ધાંત એવો છે કે જો કામ કરેલ ના હોય તો પગાર મળે નહી (No Work No Pay) એટલે કે કામદારે જે સમય માટે કામ કરેલ ન હોય તો તે સમય માટેનો પગાર મળે નહી પરંતુ જો કામદાર એવુ સાબીત કરી શકે કે તેના તરફે થી કોઈ કસુર ન હતો અને તેને નોકરી ઉપર જોડાવામાંથી રોકવામાં આવેલ તો તે સમયગાળાનો પગાર મેળવવા હકકદાર છે. હાલના કેસમાં પણ પ્રથમ પક્ષકારએ બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હતા, તે સંજોગોમાં બીજા પક્ષકાર પગારની રકમ મેળવવા હકકદાર થાય. પરંતુ સાથે સાથે બીજા પક્ષકારના કેસની હકીકતો તથા ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા બીજા પક્ષકાર છુટા કર્યા ત્યાર પછીના સમયગાળામાં આંશીક આવક મેળવવા સક્ષમ હોવાનુ અનુમાન કરી બીજા પક્ષકાર તેમને છુટા કર્યા ત્યારથી પુન:સ્થાપનના સમય સુધીનો પુરો પગાર મેળવવા હકકદાર નથી, પરંતુ તેનો નિર્ણય કરવાની અત્રેની કોર્ટને આઈ.ડી.એકટની જોગવાઈ મુજબ વિવેકાધિન સત્તા હોય ઉપરોકત રીતે કરવામાં આવેલ ચર્ચા તથા કેસના સંજોગો ધ્યાને લેતા બીજા પક્ષકારને પ્ર થમ પક્ષકારે એ છુટા કર્યા તારીખ ૦૪/૦૯/૨૦૨૩ થી બીજા પક્ષકારના પુન:સ્થાપન સુધીના સમયગાળાના છેલ્લા પગારના ૩૦% રકમ તથા સળંગ નોકરીથી પુન:સ્થાપન મેળવવા હકકદાર થાય તેવુ આ કોર્ટનું નમ્ર માનવુ હોય અને તે રીતે મુદ્દા નં . ૧ નો નિર્ણય અંશત: હકારમાં આપી, મુદ્દા નં.૨ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.
૨. બીજા પક્ષકાર શ્રીમતિ રાધિકા રણજીત યાદવને તા. ૦૪/૦૯/૨૦૨૩ ના રોજ છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે અને બીજા પક્ષકારની નોકરી સળંગ ગણી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કર્યા તા.

તા. ૦૪/૦૯/૨૦૨૩ થી બીજા પક્ષકારના પુન: સ્થાપન સુધીના સમયગાળાના પડેલ દિવસોના છેલ્લા પગારના ૩૦% ટકા લેખે રકમ  આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩૦ માં ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રથમ પક્ષકારે હાલના એવોર્ડની પ્રસિધ્ધીથી દિવસ–૩૦માં બીજા પક્ષકારને તેની નોકરીની મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા.

૩. આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને રેફરન્સ કેસના ખર્ચ પેટે રૂા. ૫૦૦૦/– અલગ થી ચુકવી આપવા તેઓ પણ હુકમ કરવામાં આવે છે.

સ્થળ– વલસાડ
તા.૧૨/૦૮/૨૦૨૫

**(સી.વી.લીમ્બાચીયા)**
Code:GJ01556
પ્રિસાઇડીંગ ઓફીસર
શ્રમ ન્યાયાલય, વલસાડ.